# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા મકાઈ પાકમાં રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો

**************************************************

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યું, દેવગઢ બારીઆ દ્વારા તારીખ ૨૯/૦૮/૨૦૨૨ ના રોજ ગામ નાની મંગોઈ, તા- દેવગઢ બારીયા ખાતે **મકાઈ પાકમાં રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન** વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો. તાલીમની શરૂઆતમાં કેન્દ્રના ઇ.ચાં વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિષે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા મકાઇ પાકમાં મુખ્ય રોગ અને જીવાત વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી, ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા મકાઈ પાકમાં ખાતર વ્યવસ્થાપન અને જૈવિક ખાતરોના વપરાશ જેવા જુદા જુદા વિષય ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું જે થકી ગામ નાની મંગોઈ, તા- દેવગઢ બારીયાના કુલ ૩૩ (૨૫ બહેનો અને ૮ પુરુષ) ખેડૂતોએ ભાગ લીધેલ.. ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત કેન્દ્રના વડા તેમજ સાથી વૈજ્ઞાનિકો દ્વારા મકાઇ પાકના નિર્દર્શનની મુલાકાત લેવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ







